જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૧/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૨/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૬	૦	૧૨૬	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૬૬૬૯	૧૪૪	૭૬૮૧૩	૭૭૭૭૯	૧૪૪	૭૭૯૨૩
કુલ		૯૩૨૬૬	૧૪૪	૯૩૪૧૦	૧૦૨૩૦૬	૧૪૪	૧૦૨૪૫૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૨	૫,૬૯,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૨૦	૮,૨૦,૦૦૦/-

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- **સમાચાર યાદી નં.૩૩/૨૦૨૨**

બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૯૭/૨૦૧૨ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા સેશન્સ કેસ નં.૩૪૫/૨૦૧૭ મુજબના ગુનાના કામે આરોપી અરૂણ કલ્યાણપ્રસાદ ભટ્ટ (રહે.મ.નં.૩૦ રાધાકિશનનગર ગુજરાત બોટલીંગ બાપુનગર અમદાવાદ શહેર તથા મુળ વતન.ગામ-કેમરી તા.નંદોતી જી.કરોલી રાજસ્થાન) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી શ્રીમતી પ્રિયન્કા અગ્રવાલ સાહેબ, વિશેષ ન્યાયાધીશ કોર્ટ નં.૨૬, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૧/૦૧/૨૦૨૨ પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૧૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૦ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૩૬/૨૦૨૨**

સાયબર ક્રાઈમઃ રાકેશ સોમાલાલ શાહ (ઉ.વ.૫૪) (રહે. કલારથ એપાર્ટમેન્ટ સિધ્ધિ દર્શન કોમ્પલેક્ષની બાજુમાં સિમા હોલ સામે ૧૦૦ ફુટ રીંગરોડ સેટેલાઇટ) એ તા.૦૫/૦૧/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છે કે આઇસીઆઇસીઆઇ બેંકના ત્રણ ખાતા ધારક સોનાઇ દાસ, રોહીત રોય અને રાકેશ વિશ્વકર્મા નામની વ્યક્તિએ તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજ રાકેશ શાહના મોબાઇલ નંબર ચેનકેન પ્રકારે બંધ કરાવી બેંકીંગ ટ્રાંજેક્શનના ઓટીપી મેળવી લઈ રાકેશ શાહના બેન્ક ખાતામાંથી કુલ રૂપિયા ૪૬,૩૬,૦૦૦/- ઇન્ટરનેટ બેંકીંગ દ્રારા આર.ટી.જી.એસ. દ્રારા ઓનલાઇન ટ્રાન્સફર કરી મેળવી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

માધવપુરાઃ ભાવેશભાઇ સુરેશભાઇ બિહોલા (ઉ.વ.૨૭) (રહે. સ્ટાફ ક્વાટર્સ ડી/૦૬ વીમા યોજના દવાખાનાના ક્વાટર્સના મકાન ગિરધરનગર) એ તા.૦૫/૦૧/૨૦૨૨ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ભાવેશભાઈ બિહોલા બારડોલપુરા અમર પાનપાર્લર સામે મ્યુનિસીપલ સ્કુલ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં બે પુરૂષોએ ભાવેશભાઈ બિહોલાને લલચાવી ફોસલાવી વિશ્વાસમાં લઇ કપડાના કવરની ઉપર ભારતીય ચલણની રૂપિયા ૫૦૦/- ની નોટવાળુ બંડલ બતાવી ભાવેશભાઈ બિહોલાના પેન્ટના ખિસામાં મુકી ભાવેશભાઈ બિહોલા પાસેથી રિયલ મી સી-૧૫ મોડલ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૮,૦૦૦/-, સોનાની વિંટી કિમત રૂપિયા ૧૬,૦૦૦/-, અને ચાંદીનુ કડું કિમત રૂપિયા ૮,૦૦૦/- કઢાવી લઈ રૂપિયા ૫૦૦/- ની નોટવાળા બંડલમાં કાગળો મુકેલ બંડલ આપી ચીજ-વસ્તુઓ લઈ જઈ છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.સોનારા ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> **<u>સમાચાર યાદી નં.૩૭/૨૦૨૨</u>**

રામોલઃ કિશનભાઈ બાબુલાલ ખટીક (રહે.ઉમિયાનગર તક્ષશીલા હાઈસ્કુલ પાછળ ઓઢવ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૦૫/૦૧/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રામોલ જીવન પ્રકાશ સ્કુલ પાછળ શિવપાર્ક સોસાયટી ખાતે કીશનભાઈ ખટીકના ભાઈના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગી (કિમત જાણવા મળેલ નથી) અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- તેમજ શિવપાર્ક સોસાયટી ખાતે અન્ય સાહેદના મકાનના દરવાજાનુ તાળુ તોડી ઘરમાંથી ચાંદીની મુર્તી કિમત રૂપિયા ૫૦૦૦/- રોકડ તેમજ રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

<u>ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૩૮/૨૦૨૨</u>**

ગુજરાત યુનિવર્સિટીઃ વેજલપુર શાલપુરા ૨૩ નંબર ફાટક અક્કલદેવનગર પાણીની ટાંકી ખાતે રહેતા રણજીત હજારીલાલ સરોજ (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ-રમઉપુર કનાવા બજાર ગંગાપુર રમઈપુર ફૈજાબાદ ઉતરપ્રદેશ) તા.૦૪/૦૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ઇન્ફીનીટી બી શરણ ઓડિટભવન ચાર રસ્તા સાઇટ પર કામ કરતાં હતા ત્યારે ફલેટના ત્રીજા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૧/૨૦૨૨ કલાક ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૯/૨૦૨૨**

સરખેજઃ વિશાલભાઈ સ/ઓ રવજીભાઈ સાગઠીયા (ઉ.વ.૨૫) (રહે. શેરી નં-૧૧ આંબેડકરનગર એસ.ટી.વર્કશોપ પાછળ રાજકોટ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે સરખેજ ઉજાલા સર્કલ રાજવી ગેસ્ટ હાઉસ રૂમનં-૨૦૫ ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૧/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી લવજીભાઈ ગોવિંદભાઈ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ ધૃવિલ ધીરેનભાઇ પટેલ (ઉ.વ.૨૩) (રહે. સ્ટરલિંગ રો હાઉસ સુભાષ ચોક મેમનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જોઇતાભાઇ ચલાવે છે.

વેજલપુરઃ ગુલશનબાનુ ઉર્ફે સાનીયા ડો/ઓ સમસુદ્દીન સૈયદ (ઉ.વ.૧૭) (રહે. એકતાનગર સોસાયટી આઇશા મસ્જીદ પાસે અજીમપાર્ક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.